જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા.

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા.

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bnsdeo@gmail.com

ક્રમાંક :મા.વિ.૧/એપ્રેન્ટીસ/૨૦૨૩/ ૩૯૫૨૨-૨૫ તા:૨૯/૧૧/૨૦૨૩

પ્રતિ
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.બનાસકાંઠા

વિષય – એપ્રેન્ટીસ અધિનિયમ ૧૯૬૧, હેઠળ એપ્રેન્ટીસની ભરતી બાબત.

સંદર્ભ- ૧.ગુજરાત સરકારશ્રીના શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગના તા. ૨૨-૦૬- ૨૦૨૦ ના પરીપત્ર ક્રમાંક: એટીએસ/ ૧૫/ ૨૦૨૦/ ૪૬૭/ આર-૨

૨. કલેક્ટરશ્રી બનાસકાંઠા ના તા. ૦૨/૧૧/૨૦૨૩ ના કચેરી આદેશ ક્રમાંક: ઔતાસ/ એપ્રેન્ટીસ/ ભરતી/ વશી/ ૨૦૨૩/ ૪૬૩૬

ઔદ્યોગિક એકમો અને યુવાનો એપ્રેન્ટીસ તાલીમ યોજનાનો વધુમાં વધુ લાભ લઈ શકે તે હેતુ એપ્રેન્ટીસ અધિનિયમ ૧૯૬૧ માં સુધારો કરવામાં આવેલ છે. જે તા. ૨૨/૦૨/૨૦૧૪ થી અમલમાં મુકવામાં આવેલ છે. ઔદ્યોગિક એકમોની તેમની કુશળ કારીગરને માંગને પહોંચી વળવા તેમજ રાજ્યના યુવાનોને ઔદ્યોગિક વાતાવરણમાં તાલીમ આપી રોજગારક્ષમ બનાવવાની એપ્રેન્ટી તાલીમ યોજના છે.

ભારત સરકારશ્રીની નેશનલ એપ્રેન્ટીસશીપ પ્રમોશન સ્કીમ (NAPS) યોજનનો હેતુને અનુસારની "મુખ્યમંત્રી એપ્રન્ટીસશીપ તાલીમ યોજના (MATS)"તા. ૦૧/૦૪/૨૦૧૮ થી ગુજરાત રાજ્યમાં અમલી બનાવવામાં આવેલ છે. જે અંતર્ગત રૂ. ૩૦૦૦/- પ્રતિ સ્નાતક એપ્રેન્ટીસશીપ ભરતી માટે રૂ. ૨૦૦૦/- પ્રતિ ડીપ્લાળોમા એપ્રેન્ટીસશીપ ભરતી માટે, રૂ. ૧૫૦૦/- પ્રતિ ડીપ્લોમાંથી નીચેની કક્ષાના તમામ પ્રકારના એપ્રેન્ટીસની ભરતી માટેનું માસીક વળતર એકમોએ એપ્રેન્ટીસોને ચુકવેલ સ્ટાઈપેન્ડની સામે એકમોને પ્રોત્સાહીત રૂપે આપવામાં આવે છે.

ઉક્ત સંદર્ભ પત્ર-૧ અન્વયે જણાવવાનું કે તમામ સરકારી વિભાગો/ કચેરીઓ, ખાનગી એકમો તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની ક્ષેત્રીય કચેરીઓએ તેમના કોન્ટ્રાક્ચ્યુઅલ/ આઉટસોર્સ સહિતના કુલ મેનપાવરના 2.5%થી 15%ના બેન્ડમાં વિગતે એપ્રેન્ટીસની ભરતી કરવાની રહેશે.

ધી એપ્રેન્ટીસ (સુધારા-૨૦૧૪) એકટ ૧૯૬૧ ની કલમ ૨ (જી) ના અર્થ પ્રમાણે આપનુ એકમ એ સંસ્થા છે અને આજ કાયદાની કલમ (એફ) મુજબ આપના એકમનો કામકાજના સંચાલન અને હવાલો ધરાવતા અને આપના એકમના આપ જવાબદાર વ્યક્તિ છો.

આપની સંસ્થા/એકમને ધી એપ્રેન્ટીસ (સુધારા-૨૦૧૪) એકટ ૧૯૬૧ની કલમ ૮(૧) તથા ધી એપ્રેન્ટીસશીપ (સુધારા-૨૦૧૫) નિયમો ૧૯૯૨ના નિયમો ૭ (બી) (૩) હેઠળ આપના કુલ કર્મચારીઓં (કોન્ટ્રાચ્યુઅલ સ્ટાફ સહીત) ના ૨.૫% થી ૧૫% ના પ્રમાણમાં બેઠકો ભરવાની થાય છે.

સંદર્ભ પત્ર-૨ કચેરી આદેશ અન્વયે બનાસકાંઠા જિલ્લાની શૈક્ષણીક સંસ્થાઓને વર્ષ- ૨૦૨૩:૨૪ નો કુલ ૧૭૫ એપ્રેન્ટીસ ભરતી કરવાનો લક્ષ્યાંક આપેલ છે. સદર બાબતે આથી આપની સંસ્થાને એપ્રેન્ટીસ ભરતી કરવા જણાવવામાં આવે છે.

એપ્રેન્ટીસ ઉમેદવારની ભરતી માટે આપ આપની નજીકની ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ખાતે આસી એડવાઈઝર/એકસ ઓફીસીયોશ્રી / જિલ્લાની રોજગાર કચેરીનો સંપર્કકરી શકો છો.અથવા apprenticeshipindia.gov.in થકી એપ્રેન્ટીસ મેળવી શકો છો.

" આભાર સહ"

NB

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

બિડાણ: આચાર્યશ્રી આઈ.ટી.આઈ તમામ અને એપ્રેન્ટીસ એડવાઈઝરની યાદી

નકલ સવિનય રવાના: ૧) કલેક્ટર સાહેબશ્રી, કલેક્ટરશ્રીની કચેરી, બનાસકાંઠા-પાલનપુર
૨) Ex. Officio. આઈ.ટી.આઈ, પાલનપુર

નકલ રવાના:૧) શિક્ષણ નિરીક્ષક/મ.શિ.નિ. તમામ સદર કચેરી
૨) આચાર્યશ્રી સંબંધિત આઈ.ટી.આઈ

Scanned by CamScanner

એપ્રેન્ટીસ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રાજ્ય સરકારની તમામ વિભાગીય તેમજ ક્ષેત્રીય કચેરીઓમાં એપ્રેન્ટીસની ભરતીને પ્રોત્સાહન આપવા બાબત

શ્રમ અને રોજગાર વિભાગ
ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક: એટીએસ/૧૫/૨૦૨૦/૪૬૭/આર-૨
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૬/૨૦૨૦

પરિપત્ર

એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં આવેલ વિવિધ એકમોના વિવિધ વ્યવસાયોમાં એકમોની માંગ અનુસાર યુવાનોને તાલીમ આપી રોજગારીની તકોમાં વધારો કરવાનો તથા ઔદ્યોગિક એકમોમાં ગુણવત્તાસભર ઉત્પાદનનું પ્રમાણ વધારવા માટે કુશળ કારીગરો પુરા પાડવા અને તેનું નિયમન કરવાનો છે. એપ્રેન્ટીસ તાલીમ પામેલ કુશળ કારીગરો ઔદ્યોગિક એકમોના ઉત્પાદનની ગુણવતા અને જથ્થો વધારી રાષ્ટ્રને સમૃધ્ધ બનાવવામાં મદદરૂપ થાય છે.

ભારત સરકાર દ્વારા એપ્રેન્ટીસ અધિનિયમ (સુધારા), ૨૦૧૪ અને એપ્રેન્ટીસશીપ નિયમો (સુધારા), ૨૦૧૫ ની સાથે સાથે એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાના વ્યાપને વિસ્તારવા અને સન ૨૦૨૦ સુધીમાં ૫૦ લાખ એપ્રેન્ટીસની ભરતી કરવાના લક્ષ્યાંક સાથે "National Apprenticeship Promotion Scheme (NAPS)" તા.૧૯/૮/૨૦૧૬ થી રાજ્યમાં અમલમાં આવેલ છે. E-Governance ના હેતુસર એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાના પારદર્શીય વહીવટ માટે અને યોજનાના હિસ્સેદારો વચ્ચે કડીરૂપ રાષ્ટ્રીય કક્ષાનું વેબ-પોર્ટલ (http://apprenticeship.gov.in અને https://apprenticeshipindia.org) કાર્યરત છે. એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧, એપ્રેન્ટીસશીપ નિયમો-૧૯૯૨ અને નેશનલ એપ્રેન્ટીસશીપ પ્રમોશન સ્કીમ (NAPS) ના અમલીકરણ અર્થેની ગાઈડલાઈન સદર પોર્ટલ પર ઉપલબ્ધ છે.

આથી સરકારની તમામ વિભાગીય કચેરીઓ, ખાતાના વડાની કચેરીઓ તેમજ ક્ષેત્રીય કચેરીઓને પરિપત્રિત કરવામાં આવે છે કે એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ ની કલમ 2(f), 2(g) અને 2(i) તેમજ એપ્રેન્ટીસશીપ નિયમો-૧૯૯૨ ના નિયમ નંબર ૭બી(૧) મુજબ તમામ સરકારી વિભાગો/કચેરીઓ, ખાનગી એકમો તેમજ રાજ્ય સરકારના જાહેર સાહસોની ક્ષેત્રીય કચેરીઓએ તેમના કોન્ટ્રાક્ચ્યુઅલ/આઉટસોર્સ સહિતના કુલ મેન પાવરના ૨.૫% થી ૧૫% ના બેન્ડમાં નીચેની વિગતે એપ્રેન્ટીસની ભરતી કરવાની રહેશે.

Scanned by CamScanner

Total Manpower in the Establishment/sub-office/Field offices	No. of apprentice Required to be engaged	Remarks
1-3	0	
4-30	1-5	15% of 6 = 0.9 rounded to 1
30 & above	More than one @2.5-15%	Mandatory

એપ્રેન્ટીસશીપ તાલીમ દરમ્યાન ભરતી કરવામાં આવેલ એપ્રેન્ટીસને નીચેની વિગત અનુસારના દરે સ્ટાઈપેન્ડ ચુકવવાનું રહેશે.

Prescribed Stipend for 1st year		
Sr	Category as per Qualification	Minimum Stipend Rate to be paid by Establishment
1	School pass-out (Class 5th-class 9th)	Rs.5,000/- per month
2	School pass-out (Class 10th/class 12th)	Rs.6,000/- per month
3	National or State Certificate holder/Technician (Vocational) apprentice/Vocational Certificate holder/Sandwich Course (Students from Diploma Institutions)	Rs.7,000/- per month
4	Technician apprentices or Diploma holder in any stream/Sandwich Course (Students from Degree Institutions)	Rs.8,000/- per month
5	Graduate Apprentices/Degree Apprentices/Degree in any stream	Rs.9,000/- per month

ભારત સરકારની "National Apprenticeship Promotion Scheme (NAPS) અનુસાર એપ્રેન્ટીસને ચુકવાયેલ નિયત સ્ટાઈપેન્ડના ૨૫ % પરંતુ વધુમાં વધુ રૂ.૧૫૦૦/- પ્રતિ એપ્રેન્ટીસ પ્રતિ માસનું વળતર ભારત સરકાર દ્વારા આપવામાં આવી રહેલ છે. જે માટે એકમે અને એપ્રેન્ટીસે એપ્રેન્ટીસશીપ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

રાજ્યના સરકારી વિભાગો તેમજ તેમની ક્ષેત્રીય કચેરીઓ, બોર્ડ/નિગમ, એજન્સીઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન્સને એપ્રેન્ટીસ અધિનિયમ હેઠળ આવરી લેવામાં આવેલ છે તેમજ તે અનુસાર એપ્રેન્ટીસની ભરતી કરવાની રહેશે તેમજ એપ્રેન્ટીસને સ્ટાઈપેન્ડ ચુકવવાનું રહેશે.

વિશેષમાં, એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ ના ચેપ્ટર II ના સેકશન-૨૨(૧) ની જોગવાઈ "Every employer shall formulate its own policy for recruiting any apprentice who has completed the period of apprenticeship training in his establishment" ને ધ્યાને લેવાની રહેશે.

Scanned by CamScanner

એપ્રેન્ટીસ સ્ટાઈપેન્ડની ચુકવણીનો ખર્ચ બજેટ કોડ 3400:Scholarship/Stipend હેઠળ કરવાનો રહેશે તેમજ ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ અનુસાર તે માટેનું ફોર્મ જીટીઆર ૬૩ નિયત કરવામાં આવેલ છે.

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

<u>નકલ રવાના:</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી કરવા સારૂં તેમજ તેઓના તાબા હેઠળની ખાતાના વડાઓની કચેરી તથા ક્ષેત્રીય કચેરીઓને જરૂરી કાર્યવાહી કરવાની સૂચના આપવા સારૂં

(૨) નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુ.રા., ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૬) શાખા સિલેક્ટ ફાઈલ

(૭) નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ

(૮) આઈ.ટી. સેલ, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર પરિપત્ર આ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં

Scanned by CamScanner

એપ્રેન્ટીસશીપની વિગતો દર્શાવતું પત્રક					
અનુ.નં	સંસ્થાનું નામ	આચાર્યશ્રીનું નામ	એપ્રેન્ટીસશીપની કામગીરી સંભાળતા કર્મચારીશ્રીનું નામ	મોબાઈલ નં	રીમાર્કસ
1	**PALANPUR**	**SHRI M.N. PATEL**	**Shri C.B. Patel**	**9408422258**	**For BANASKATHA**
2	**PALANPUR**	**SHRI M.N. PATEL**	**Shri M M Chaudhari**	**9979888529**	**For BANASKATHA**
3	Amirgadh	Shri R. C. Patel	Shri J V Judal	9104707148	
4	Bhabhar	Shri V D Patel	Shri M H Chaudhari	8980409064	
5	Dantiwada	SHRI C I MEVADA	SHRI A. P. ZALA	9408636433	
6	Deesa	SHRI C I MEVADA	SHRI M H GADHAVI	9427392789	
7	Deodar	SHRI V A GOSWAMI	SHRI D K PRAJAPATI	8511179065	
8	Dhanera	Shri Y N Joshi	Shri V B Joshi	7016671625	
9	Kankrej	SHREE M.N.PATEL	SHREE P.B.PATEL	9925012956	
10	Kumbhariya	Shri V S Desai	Shri F S Allad	9601530440	
11	Lakhani	Shri A D Rajaput	Shri K P Prajapati	9662000229	
12	Suigam (Mahila)	Shri R.R. Prajapati	Shri S.R. Thakkar	9409495720	
13	Tharad	Shri Parin Patel	Shri Hindu Mali	9638999340	
14	Vav	Shri R R Prajapati	Shri K B Prajapati	9737866868	
15	Vadgam	KU. M D DABHI	MR J V JASLENIYA	9016674328	

Scanned by CamScanner